અપીલ અરજી નં.૩૦૯ તા.૧–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ખલીલ ઈસ્માઈલ મીરઝા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ખલીલ ઈસ્માઈલ મીરઝાની તા.૨૯–૧૧–૧૦ ની અરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૧૫૦૪ થી નોંધાયેલ સુરત મહાનગરપાલિકાની હયાત ઈમારત કયા દસ્તાવેજોના આધારે તેમજ કયારે ચઢાવવામાં આવેલ છે તેની પૂરી નકલો તેમજ દસ્તાવેજી પુરાવા સહિતની નકલોનીમાહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૦૯/૨૦૧૦–૧૧

શ્રી ખલીલ ઈસ્માઈલ મીરઝાની તા.૨૯–૧૧–૧૦ ની અરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૧૫૦૪ થી નોંધાયેલ સુરત મહાનગરપાલિકાની હયાત ઈમારત કયા દસ્તાવેજોના આધારે તેમજ કયારે ચઢાવવામાં આવેલ છે તેની પૂરી નકલો તેમજ દસ્તાવેજી પુરાવા સહિતની નકલોની માહિતી આપવા બાબતે પત્ર નં.એઆર.ડી./૧૨૨ તા.૨૮–૧૨–૧૦ ના પત્રથી કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેમ થવા અંગેના વાજબીપણા સહિત પત્રમાં જણાવેલ જોગવાઈ અરજદારે સંદર્ભે કરેલ છે કે કેમ? તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં મનપાના સ્થાયી મિલ્કત રજીસ્ટર અને દફતરે આ બાબતની નોંધ થયેલ છે કે કેમ? જો થયેલ હોય તો કયા આધારે? તે વિગતો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૩ તા.૭–૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમણે માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારીના તા.૨૮–૧૨–૧૦ ના પત્ર મળ્યા પછી કઈ માહિતી અંગે નારાજગી છે અને શી વિગતે તે અંગેના આધાર અને વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.એઆરડી/૧૨૨ તા.૨૯–૧–૧૧ થી પૂરક વિગતો મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૯–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૨૨ તા.૨૮–૧૨–૧૦ થી " વોર્ડ નં.૧૧ નોંધ નં.૧૫૦૪ વાળી હાલની હયાત મ્યુ. કોર્પોરેશન ઈમારત આકારણી દફતરે દાખલ કરવામાં આવી નથી વધુમાં જણાવવાનું કે મહાનગરપાલિકાની માલિકીની પોતે ઉપયોગ કરતાં પ્રાંતીય મહાનગરપાલિકાઓના અધિનિયમની કલમ–૧૩૨ (૧)(ગ) અન્વયે મિલ્કતવેરા લેવા પાત્ર થતો ન હોય મહાનગરપાલિકાની મિલ્કત આકારણી દફતરે દાખલ કરવાની આવતી નથી આ જોગવાઈ માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર અધિનિયમની પૂરેપૂરી માહિતી ઉપલબ્ધ છે. તેવું જણાવવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧–૧–૧૧ થી અપીલ અરજી કરેલ છે. પરંતુ તેમની નારાજગી બાબતે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૩ તા.૭–૧–૧૧ ના રોજ પાઠવવામાં આવેલ અને માહિતી મળ્યા બાદ કઈ માહિતી અંગે નારાજગી છે તે રજૂ કરવા જણાવેલ. પરંતુ તેઓએ કોઈ નારાજગી રજૂ કરેલ નથી અને અપીલ બાબતે સફળ રહેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.એઆરડી/૧૨૨ તા.૨૯–૧–૧૧ થી પૂરક વિગતોમાં વોર્ડ નં.૧૧ નોધ નં.૧૫૦૪/ થી નોંધાયેલ સુરત મહાનગરપાલિકાની હયાત ઈમારત સીટી સર્વે કચેરીમાં નોંધાયેલ છે જેની મિલ્કતકાર્ડની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આકારણી દફતરે ચઢાવવા અંગેની કાયદાકીય જોગવાઈ સહિત હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ. પરંતુ અરજદારની રજૂઆત મ્યુનીસીપલ મિલ્કતના વેરા સબંધી નહીં મિલ્કતના હક અંગેની હોઈ અરજદારે અપીલ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા સદર મિલ્કત સીટી સર્વે કચેરીમાં નોંધાયા બાબતેની મિલ્કતકાર્ડની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ છે.આમ માહિતી બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ખલીલ ઈસમાઈલ મીરઝા